દિવ્ય ભાસ્કર
DivyaBhaskar.com

9 July, 2018

# ધરમપુરની શ્રીમદ્દ રાજચંદ્ર કોલેજમાં MSc ના વર્ગો શરૂ

Divyabhaskar.com | Last Modified - Jul 09, 2018, 02:15 AM IST

ધરમપુર | શ્રીમદ્દ રાજચંદ્ર મિશનના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી કરંજવેરીમાં વીર નર્મદ...



ધરમપુરની શ્રીમદ્દ રાજચંદ્ર કોલેજમાં MSc ના વર્ગો શરૂ

ધરમપુર | શ્રીમદ્દ રાજચંદ્ર મિશનના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી કરંજવેરીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રીમદ્દ રાજચંદ્ર વિદ્યાપીઠમાં Msc અભ્યાસક્રમ શરૂ થઈ રહ્યો છે. વિજ્ઞાનપ્રવાહની કોલેજમાં માઇક્રોબાયોલોજી,બોટની અને મેથેમેટિક્સમાં Bsc અભ્યાસક્રમની સાથે કેમેસ્ટ્રી તથા માઇક્રોબાયોલોજીમાં Msc અભ્યાસ ક્રમ શરૂ થઈ રહ્યો છે. અનુભવી અને તજજ્ઞ સ્ટાફ, આધુનિક ઉપકરણોથી સુસજ્જ પ્રયોગશાળાઓ, કમ્પ્યુટર લેબ, અદ્યતન ગ્રંથાલય,ઓડિયો, વિડીયો સહિતના વિશાળ લેકચર રૂમ, રમતગમતનું મેદાન,યોગાભ્યાસ, કલાકૌશલ પ્રવૃતિઓ, અંગ્રેજી ભાષા પ્રભુત્વ માટે વર્ગ સહિત જીવનમૂલ્યો મૂલ્યો આધારિત શિક્ષણ આપતી કોલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો ઉદ્દેશ્ય કોલેજ ધરાવે છે. સરકારના નિયમ પ્રમાણે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોલેજની સંપૂર્ણ ટ્યુશન-ફી પરત મળવા પાત્ર છે. ઉપરાંત વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ જરૂર મુજબની વ્યાજરહિત લોન શ્રીમદ્દ રાજચંદ્ર વિદ્યા વિકાસ યોજના હેઠળ આપવામાં આવે છે.